ગાંધીનગર સમાચાર

જી ઈ ક્લબ, ગ્રો અને સાધના દ્વારા નગરની સ્વૈચ્છિક સંસ્થાઓ, વ્યક્તિઓની સહાયથી

# ગાંધીનગર શહેરમાં સતત ૧૫મા વર્ષે 'બાળુડાના ગરબા' યોજાયા








## શ્રી કચ્છ કડવા પાટીદાર શહેર સમાજ, ગાંધીનગર દ્વારા બાળુડાઓની સ્નેહસભર પરોણાગત કરાઈ

ગાંધીનગર, તા. ૪


જી ઈ ક્લબ, ગ્રો અને સાધના દ્વારા નગરની સ્વૈચ્છિક સંસ્થાઓ, વ્યકિતઓની સહાયથી પ્રતિવર્ષ યોજાતો માનસિક-શારીરિક વિશિષ્ટ વ્યકિતઓ માટેનો ગરબા મહોત્સવ 'બાળુડાના ગરબા' બુધવારે શ્રી કચ્છ કડવા પાટીદાર શહેર સમાજ, ગાંધીનગરના યજમાનપદે સૅક્ટર-૧૨ના રંગમંચ ખાતે યોજવામાં આવ્યો હતો.

૨૫૦ ઉપરાંત વિશિષ્ટ વ્યક્તિઓ સાથે ૫૦૦થી વધુ સામાન્ય નાગરિકો આ ગરબા ઉત્સવમાં ઉલ્લાસથી જોડાયા હતા. સમર્પણ મૂક-બધિર સંસ્થા, અંધશાળા, સ્પેશિયલ ચિલ્ડ્રન હોમ, ઓબ્ઝર્વેશન હોમ, માનવ આસ્થા, સ્મૃતિ વિકાસ સંસ્થા, વિશેષ ઍજ્યુકેશન ટ્રસ્ટ, સદ્‌ભાવ માનસિક સ્વાસ્થ્ય કેન્દ્ર, પ્રયાસ ફાઉન્ડેશન, મનવંદના અનો અંબા એન્જલ્સના તાલીમાર્થીઓ ઉપરાંત શહેરના નાગરિકો પણ પોતાનાં વિશિષ્ટ સંતાનો સાથે આ અનોખા ગરબા ઉત્સવમાં જોડાયા હતા.

હંમેશની જેમ વિશિષ્ટ વ્યક્તિઓ સાથે ગરબાની સંગતમાં અશ્વિનભાઈ એ પટેલ કૉમર્સ કૉલેજના વિદ્યાર્થીઓ અને અધ્યાપકો, પ્રૉફેશનલ ફોટોગ્રાફર્સ ગૃપ, શ્રી જલિયાણ સેવા ગૃપ, રૉટરી ક્લબ ઑફ ગાંધીનગર, પૂજન ડાન્સ ક્લાસ, જુનિયર સિટિઝન કાઉન્સિલ, નવસર્જન દિવ્યાંગ ચૅરીટેબલ ટ્રસ્ટ, સૌરાષ્ટ્ર કચ્છ સમાજસેવા ટ્રસ્ટ, ગોલ્ડન વિંગ લેડીઝ ક્લબ, કોસ્મિક પનાસીઆ, તથાસ્તુ ફાઉન્ડેશન, ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી જિલ્લા-તાલુકા શાખા અને શ્રી કચ્છ કડવા પાટીદાર શહેર સમાજ, ગાંધીનગરના સભ્યો ઉપરાંત સંવેદનશીલ નાગરિકો ઉત્સાહથી જોડાયા હતા. ગાંધીનગર મહાનગર પાલિકાનાં મેયર રીટાબેન પટેલ, નગરસેવક હર્ષાબા ધાધલ, કાર્તિક પટેલ, બ્રહ્માકુમારીઝ સંસ્થાનાં કૈલાશદીદી, દિવ્યાંગ વ્યક્તિઓ માટેના વિભાગના કમિશનર ડી ઍન પાન્ડે, સમાજસેવી શરદભાઈ વ્યાસ, ગાંધીનગર સાહિત્યસભાના ઉપાધ્યક્ષ સંજય થોરાત, સક્ષમ ગુજરાતના ડૉ. મનુભાઈ પુરોહિત, આઈઆઈટીઈના રજિસ્ટ્રાર મધુસૂદન મકવાણા, અધ્યાપક મૌન સાધુ, શ્રી કચ્છ કડવા પાટીદાર શહેર સમાજ, ગાંધીનગરના પ્રમુખ જી ટી પટેલ અને અગ્રણીઓ, યુવા સભ્યો, સમાજસેવક રાજેશભાઈ ત્રિવેદી, ડૉ. મમતા બુચ, મનીષાબેન ત્રિપાઠી, ડાન્સ ટ્રેનર પ્રજ્ઞા ગજ્જર, રૉટરી ક્લબના પ્રમુખ ડૉ. ધર્મેન્દ્ર પટેલ, અભિનેતા દિવ્યકાન્ત વર્મા આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા અને મનમૂકીને બાળુડાઓ સાથે ગરબે રમ્યા હતા અને આમ 'અસામાન્ય વ્યક્તિઓને સામાન્ય વ્યક્તિઓની નજદીક લાવવાનો' આયોજકોનો પ્રયાસ સફળ નીવડ્યો હતો. 'લાઈવ ગાંધીનગર'ના માધ્યમથી બાળુડાના ગરબાનો આ કાર્યક્રમ યુટ્યુબ પર લાઈવ પ્રસારિત કરવામાં આવ્યો હતો, જેને રાજયના અનેક સંવેદનશીલ નાગરિકોએ માણ્યો ને સરાહ્યો હતો. સૌ બાળુડાઓને પ્રૉફેશનલ ફોટોગ્રાફર્સ ગૃપ તરફથી શરબત, શ્રી જલિયાણ સેવા ગૃપ તરફથી ચીકી, કોસ્મિક પનાસીઆ તરફથી ગિફ્ટ, તથાસ્તુ ફાઉન્ડેશન તરફથી પરિવહન અને શ્રી કચ્છ કડવા પાટીદાર શહેર સમાજ તરફથી ભોજનનું સૌજન્ય પ્રાપ્ત થયું હતું.




સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રી જે બી પ્રાથમિક શાળા ખાતે ધોરણ-૭,૮ના વિદ્યાર્થીઓ માટે નવરાત્રી પર્વ અંતર્ગત માટલી ડેકોરેશન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં શાળાના ૧૦૫ જેટલા વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો અને સુંદર કલાકૃતિઓનું સર્જન કર્યું હતું. આચાર્ય નીવાબેન પટેલે સૌ વિદ્યાર્થીઓને બિરદાવી અભિનંદન પાઠવ્યા હતા.




એસ.વી. અને એસ .જી. ઇંગ્લિશ મીડિયમ પ્રાયમરી સ્કૂલના ધોરણ -૪ માં અભ્યાસ કરતા ૩૬૦ વિદ્યાર્થીઓએ ભાડજમાં સ્થિત અક્ષયપાત્ર ફાઉન્ડેશનની મુલાકાત લીધી. અહીંના વિશાળ કિચનમાં બાળકોને રસોઈ બનાવવાના વિવિધ આધુનિક સાધનો અને તેના ઉપયોગ વિષે માહિતી પૂરી પાડવામાં આવી હતી. બાળકો સાથે શિક્ષકો પણ આ મુલાકાતમાં ઉપસ્થિત રહ્યા હતા.

# ઍસ. વી. પ્રી-સ્કૂલના બાળકો કમ્પ્યુટર લેબની મુલાકાતે



સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત એસ. વી. પ્રી-સ્કૂલના જૂનિયર અને સીનિયર કે.જી.ના બાળકોને કેમ્પસમાં જ આવેલી એસ.જી. ઇંગ્લિશ મીડિયમ પ્રાઈમરી સ્કૂલની કમ્પ્યુટર લેબની મુલાકાતે લઈ જવામાં આવ્યા હતા, જ્યાં તેઓને શિક્ષક સુખરામભાઈ અને ધવલભાઈએ કમ્પ્યુટર લેબ વિષે તમામ માહિતી આપી, તેની ઉપયોગિતા સમજાવી હતી. આ તબક્કે એસ. વી. પ્રી-સ્કૂલના પ્રિન્સિપાલ જિજ્ઞા દર્પણ બુચે ઍસ. જી. ઇંગ્લિશ મીડિયમનાં આચાર્ય સલીના નાયરનો આભાર વ્યક્ત કર્યો હતો.

## જન્મદિને વધામણી



**શિવશંકર દવે**
લેખક, નિવૃત્ત નાયબ સચિવ
મો. ૯૪૨૭૬ ૦૦૩૧૬



**દેવયાનીબેન એસ પટેલ**



**નિકુંજ મિસ્ત્રી**
મો. ૮૯૮૦૮ ૯૬૨૧૪



**શ્રેયાંશ નરેશભાઈ પરમાર**
મો. ૭૮૦૧૯ ૨૬૫૩૦

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.
- સંપાદક





ગાંધીનગર, તા. ૪

શ્રી સ્વામિનારાયણ ગાદી સંસ્થાન, મણિનગર આયોજિત સર્વોપરી શ્રી સ્વામિનારાયણ ભગવાન શ્રી મુખવાણી વચનામૃત દ્વિશતાબ્દી મહોત્સવ તથા જીવનપ્રાણ અબજીબાપાશ્રી શતામૃત મહોત્સવના પ્રારંભે શ્રી મુક્તજીવન સ્વામીબાપાની ૧૧૨મી પ્રાગટ્ય જયંતીએ સંસ્થાન દ્વારા શૈક્ષણિક હેતુસર રૂપિયા ૧૬ લાખના ચૅક આચાર્ય સ્વામી મહારાજના વરદ હસ્તે અર્પણ કરાયા હતા. આ પ્રસંગે પૂજન-આરતી, તુલા વગેરે કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા. આચાર્ય સ્વામી મહારાજે ભાવકોને આશીર્વચન પાઠવતાં ટ્રાફિક નિયમોનું પાલન કરવાની હિમાયત કરી હતી.

આગામી શરદપૂર્ણિમાએ

## સુપ્રસિદ્ધ નરસિંહ મહેતા ઍવોર્ડ ગઝલકાર ખલીલ ધનતેજવીને અપાશે



ગાંધીનગર, તા. ૪

આદ્યકવિ નરસિંહ મહેતા સાહિત્યનિધિ, જૂનાગઢ દ્વારા વિદ્યમાન ગુજરાતી કવિને તેના સમગ્ર કાવ્યસર્જનના ઉપલક્ષ્યમાં ૧૯૯૯થી પ્રતિવર્ષ અપાતો નરસિંહ મહેતા ઍવોર્ડ આ વર્ષે સુપ્રસિદ્ધ ગઝલકાર ખલીલ ધનતેજવીને અપાઈ રહ્યો છે.

શરદપૂર્ણિમા, રવિવાર, તા. ૧૩ ઑક્ટોબરના રોજ સાંજે ૫.૩૦ કલાકે રૂપાયતન પરિસર, ગિરનાર તળેટી, જૂનાગઢ ખાતે આ હેતુ એક સમારોહનું આયોજન કરવામાં આવ્યું છે. સમારોહ અંતર્ગત ખલીલ ધનતેજવીને નરસિંહ આ ઍવોર્ડ મોરારિબાપુના હસ્તે એનાયત કરવામાં આવશે.

કાર્યક્રમ અંતર્ગત કાવ્યગાન અને પદગાન ભરત પટેલ, વિશેષ વક્તવ્ય વિનોદ જોશી, પ્રાસંગિક રઘુવીર ચૌધરી, કાવ્યપઠન ખલીલ ધનતેજવી, સરસ્વતીવંદના અને રાસપ્રસ્તુતિ 'મીનરાજ' સંસ્થાની દીકરીઓ તથા ઍવોર્ડ પ્રદાન અને ઉદ્‌બોધન મોરારિબાપુ દ્વારા કરવામાં આવશે. કાર્યક્રમનું સંયોજન નીતિન વડગામા કરશે.

આ સમારોહનું જીવંત પ્રસારણ વેબસાઈટ www.moraribapu.org પરથી થશે અને તેનું પુનઃ પ્રસારણ આસ્થા ટીવી ચેનલ અને યુટ્યુબના માધ્યમથી જોવા મળી શકશે.

# મરીન એન્જીનિયરીંગ વિષે માહિતી આપશો




નમસ્કાર. આપ સૌ વાચક મિત્રોના સાથ અને સહકાર થી આજે ફરી અમે આ કૉલમમાં પ્રસ્તુત થયા છીએ. 'કરિયર કોર્નર' કૉલમમાં હવે પ્રશ્નો માત્ર ગાંધીનગરથી નહીં પણ અન્ય શેહરો અને ગામો જેમ કે કલોલ. હિમતનગર, દેહગામ અને માણસાથી પણ આવી રહ્યા છે. આપ સૌનો પ્રતિસાદ અમને ખૂબ પ્રોત્સાહિત કરે છે. અમે આપના પ્રશ્નોનો ચોક્કસ અને સચોટ ઉત્તર આપવાની કોશિશ કરીએ છીએ. જગ્યાની મર્યાદા હોવા થી અમે બધા પ્રશ્નો પ્રકાશિત નથી કરી શકતા પણ તમને જવાબ ચોક્કસ મળશે.

હવે આપ અમને ફેસબુક પર 'લાઈક' કરી શકો છો: facebook.com/questions.careercroner પર.

**૧. હું ૧૨ સાયન્સમાં અભ્યાસ કરું છું. હું મરીન એન્જીનિયરીંગમાં અભ્યાસ કરવા માંગુ છું. એના માટે યોગ્ય માહિતી આપશો.**

**- કેતન બાપટ, ગાંધીનગર**

કેતન, તમારો પ્રશ્ન ખુબજ સરસ છે કારણ કે તમે એક ચોક્કસ દિશામાં જવા માંગો છો અને તેના વિષે તમારે માર્ગદર્શન જોઈએ છે.. આ કોર્સ કરનારા વિદ્યાર્થીઓ ઓછા હોય છે કારણ કે ઘણા વિદ્યાર્થીઓને આના વિષે જાણકારી નથી હોતી. આ કોર્સ કર્યા પછી તમને એક શીપ (જહાજ) પર મરીન ઍંજીનિયર તરીકે જોબ મળી શકે છે. શીપની લાઈફ ઘણી રોમાંચક અને સાથે આરામદાયક પણ હોય છે. અને હા આ પ્રકાર ની જોબ માં આપે અમુક સલય સુધી પરિવાર થી અલગ પણ રહેવું પડે એમ હોય છે. મોટાભાગે પગાર ડોલરમાં મળતો હોવાથી તે પણ ઘણો સારો મળતો હોય છે. ઘણી સંસ્થાઓ આ કોર્સ કર્યા પછી પ્લેસમેંટ (જોબ)ની ગેરંટી પણ



આપતી હોય છે. કોઈ પણ સંસ્થામાં જોડતા પેહલા તે સંસ્થા સરકાર માન્ય છે કે નહીં તે ચકાસી લેવું. મરીન ઍંજીન્યરિંગ નો અભ્યાસ ગુજરાતમાં ખેરવા સ્થિત ગણપત યુનિવેર્સિટીમાં પણ થાય છે . ગણપત યુનિવેર્સિટીમાં આ કોર્સમાં તમને ૧૨માં ના મેરીટ ઉપર એડ્‌મિશન પણ મળી શકે છે. આ કોર્સ ગુજરાત ની બહાર પુણે, મુંબઈ, કોલકતા, ચેન્નઈ જેવા અન્ય શેહરોમાં પણ થતો હોય છે. આ કોર્સ માટે ૧૨માં ધોરણમાં પી.સી.એમ (ફિઝીક્સ,કેમેસ્ટ્રી અને મેથ્સ) અથવા પી.સી.એમ.બી. (ફિઝીક્સ, કેમેસ્ટ્રી અને મેથ્સ અને બાયોલોજી) હોવું જરૂરી છે. અંગ્રેજીમાં ફાવટ (લગભગ ૫૦% થી વધુ માર્ક્સ) ઘણી બધી સંસ્થાઓ માંગતી હોય છે. તદુપરાંત સરકાર દ્વારા નિર્દેશિત મેડિકલ ફિટનેસ પણ જરૂરી હોય છે. વધારે જાણકારી માટે તમે ઈમેલ, વોટસએપ કરી શકો છો. શુભકામનાઓ.

**૨. મેં આ વર્ષે જ મારૂ ગ્રેજ્યુએશન પૂરું કરેલ છે.હું હાલ ગવરમેંટ જોબ ની તૈયારી કરું છું.મને વર્ગ-૩ ની પરીક્ષાઓ વિષે માહિતી આપશો.**

**-રાજેન્દ્રસિંહ ચૌહાણ, ગાંધીનગર**

રાજેન્દ્ર, સૌપ્રથમ તો આપને જણાવી દઈએ કે આપે જે પણ પરીક્ષાની વાત કરી છે એ દરેક પરીક્ષા મુખ્યત્વે ગુજરાત સરકાર ધ્વારા લેવામાં આવતી વર્ગ ૩ની પરીક્ષાઓ હેઠળ આવે છે. માટે આ દરેક પરીક્ષા માટે આપનો મોટાભાગનો અભ્યાસક્રમ સમાન હોય છે જે આપ દરેક પરીક્ષાની જાહેરાત ધ્વારા જોઈ શકો છો અને એને અનુરુપ તૈયારી કરી શકો છો. આ દરેક પરીક્ષામાં મુખ્યત્વે ગણિત, અંગ્રેજી, સામાન્ય જ્ઞાન અને જગ્યાને અનુરુપ પ્રશ્નો પૂછાતા હોય છે. ગણિત ની વાત કરીએ



તો એ માટે આપ ને સૌપ્રથમ અમૂક ગણિતના સામાન્ય નિયમો જાણી લેવા જોઈએ જે આપ આપની સ્કૂલ દરમિયાન ભણી ચૂક્યા છો. એ સિવાય આપ ને ગણિતના અમૂક શોર્ટ-કટ / શોર્ટ ટ્રિક્સ આવડવી જરૂરી છે જે માટે આપ કોઈ પણ સારા પૂસ્તકને અનુસરી શકો છો. શોર્ટ-કટ થકી આપ ઓછા સમયમાં વધુ દાખલા ગણી શકો છો. અને પ્રેકટીસ પણ એટલો જ અગત્યનો ભાગ ભજવે છે. આપે ગણિતમાં જેટ્લી વધારે પ્રેક્ટિસ કરી હશે એટલી આપને વધુ માર્ક્સ મેળવવામાં સહાયરૂપ થશે. હવે અંગ્રેજી અને સામાન્ય જ્ઞાન માટે એક મૂળભૂત જ્ઞાનસ્ત્રોતની વાત કરીએ તો એ છે અંગ્રેજી ન્યૂઝ પેપર. નિયમિત ન્યૂઝપેપરના માધ્યમથી આપના અંગ્રેજી શબ્દકોષમાં તો વધારો થશે જ તથા આપને વર્તમાન પ્રવાહો વિશેની પણ જાણકારી મળશે જે તમને અવશ્ય દરેક પરીક્ષા માં મદદરૂપ થશે. એ સિવાય સામાન્ય જ્ઞાનમાં ભૂગોળ, ઈતિહાસ, બંધારણ, જાહેર વહીવટ જેવા વિષયનો સમાવેશ થાય છે જે માટે આપ જી.સી.ઈ.આર.ટી.ની ધોરણ ૫ થી ૧૦ના પુસ્તકોનું વાંચન કરી શકો છો. હવે જગ્યાને અનુરુપ પ્રશ્નો વિશેની વાત કરીએ તો ક્લાર્ક અને તલાટી જો પંચાયત ધ્વારા લેવામાં આવે છે તો એ માટે આપે પંચાયતીરાજને લગતા પ્રશ્નો તૈયાર કરી શકો છો. એ સિવાય કોન્સ્ટેબલની પરીક્ષા માટે આપને કાયદાને લગતા વિષયનું અલગથી વાંચન કરવાનું રહે છે. આમ આપ દરેક પરીક્ષાના અભ્યાસક્રમને ધ્યાનમાં રાખી એ અનુરુપ ટાઈમ ટેબલ બનાવી નિયમિત વાંચન કરી ને સરળતાથી ઉત્તિર્ણ કરી શકો છો. વધુ જાણકારી માટે આપ અમને વોટ્સએપ અથવા ઈમેલ કરી શકો છો. શુભકામનાઓ એક જ્વલંત કારકિર્દી માટે!

**૩. ધોરણ ૧૨ પછી અપાતી આઇ.પી.એમ. અને સી.એ.ટી ની પરીક્ષા વિષે માહિતી આપશો.**

**- અમીષા પાટિલ, કલોલ**

હાલ આપ ધોરણ ૧૨માં છો તેથી આપની લાયકાત જે છે તે મુજબ આપ આઇ.પી.એમ.ની પરીક્ષા આપી શકો છો. ધોરણ ૧૨ પછી એમ.બી.એ. કરવા માટે આઈ.આઈ.એમ-ઈંદૌર ધ્વારા લેવાતી પ્રવેશ પરીક્ષા આઈ.આઈ.એમ-આઈ.પી.એમ આપવાની હોય છે. આ પરીક્ષામાં



ઉત્તિર્ણ થયા બાદ આપને ઈન્ટરવ્યુ માટે બોલાવવામાં આવે છે અને ત્યાર બાદ આપનુ સિલેકશન આઈ.આઈ.એમ.માં થતું હોય છે. આમ હાલ આપ ધોરણ ૧૨માં છો તો આપના માટે સી.એ.ટી. પરીક્ષાનો વિકલ્પ ઉપ્લબ્ધ નથી. હાલ આપ ફક્ત આઈ.પી.એમ. અને તેના જેવી અન્ય પરીક્ષા આપી શકો છો. સી.એ.ટી. માટે આપનું ગ્રેજ્યુએશન પૂરુ હોવું જરૂરી છે. અન્ય એક પરીક્ષા છે યુ.જી.એ.ટી. એટલે કે અન્ડર ગ્રેજ્યુએટ એડમીશન ટેસ્ટ જે આપી ધોરણ ૧૨ પછી અન્ય સારી અને પ્રતિષ્ઠિત કોલજમાં એમ.બી.એ માટે પ્રવેશ મેળવી શકો છો.આમ આપ ધોરણ ૧૨ પછી એમ.બી.એ. માટે આઈ.પી.એમ. અને યુ.જી.એ.ટી.ની પરીક્ષા આપી શકો છો. અન્ય એક મહત્વની વાત એ છે કે અન્ય ખાનગી કોલેજો પણ પોતાની પ્રવેશ પ્રક્રિયા યોજતી હોય છે જે આપીને આપ એડમિશન મેળવી શકો છો. આપના બીજા પ્રશ્ન પર આવીએ કે આઈ.પી.એમ અને સી. એ. ટી.માંથી કઈ પરીક્ષા સારી કહી શકાય? તો આપને જણાવી દઈએ કે આ બન્ને પરીક્ષાની સરખામણી કરવાનો કોઈ પ્રશ્ન ઊભો નથી થતો કારણકે આ બન્ને પરીક્ષા થકી આપ આઈ.આઈ.એમ.માં એડ્‌મીશન મેળવી શકો છો. હા, એક ધ્યાન રાખવાની બાબત એ છે કે આઈ.પી.એમ. બાદ આપ ફકત એક આઈ.આઈ.એમ કે જે ઈંદોર સ્થિત છે તેમાં એડ્‌મીશન મેળવી શકો છો.

જ્યારે સી.એ.ટી.ની પરીક્ષા બાદ આપની પાસે ભારતભરની અલગ-અલગ ૨૦ આઈ.આઈ.એમ.ના વિકલ્પ ઉપ્લબ્ધ રહે છે. આઈ.પી.એમ.માં સ્પર્ધા સી.એ.ટી.ના પ્રમાણમાં ઓછી રહે છે. આમ, હાલ આપ ધોરણ ૧૨ પછી જો આપનું ધ્યેય નક્કી હોય અને આપ આપનું કરિયર મેનેજમેન્ટ ક્ષેત્રમાં બનાવવા માંગો છો તો આપ અવશ્ય આઈ.પી.એમ અને યુ.જી.એ.ટી. પર પસંદગી ઉતારી શકો છો. વધુ માહિતી માટે આપ અમને વોટ્સએપ અથવા ઈમેલ કરી શકો છો. શુભકામનાઓ એક જ્વલંત કારકિર્દી માટે!

તમારા કરિયરને લગતા પ્રશ્નો અમને મોકલી આપો અને અમારા તજજ્ઞો એના સચોટ જવાબ આપશે. આપના પ્રશ્ન સાથે આપનું નામ, ઉંમર, ઈમેલ id, મોબાઈલ નંબર, અભ્યાસ અને શહેરનું નામ ચોક્કસ લખવું.

ઈમેલ: questions.careercorner@gmail.com

વોટ્સએપ નંબર: ૮૮૪૯૨૨૧૬૫૩, ફેસબુક: www.facebook.com/questions.careercroner